# શ્રી ઉમાસ્વાતિ વાચક પ્રવર પ્રણીત
# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર

## -:સંબન્ધ કારિકા:-

### જીવન વિષે મહત્ત્વનું કર્તવ્ય:-

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ।।१।।
जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ।।२।।
परमार्थालाभे वा दोषेष्वारम्भकस्वभावेषु ।
कुशलानुबन्धमेव स्यादनवद्यं यथा कर्म ।।३।।

જે (આત્મા) સમ્યગ્દર્શનથી શુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્ર પ્રાપ્ત કરે છે તેનો દુઃખ રૂપ છતાં આ જન્મ સફળ થાય છે. (૧) જેથી, કર્મોના ક્લેશથી ભરપુર આ જન્મમાં એવા પ્રયત્નો કરવા જોઈએ કે જેથી કરીને કર્મના ક્લેશોનો નાશ થઈ જાય, ખરેખરો પરમાર્થ આ છે.

અથવા, આરંભક સ્વભાવવાળા દોષો હોતે છતે (કદાચ) એ પરમાર્થ પ્રાપ્ત ન કરી શકાય તો એ રીતે જ પ્રયત્ન કરવો કે જેથી નિર્દોષ કુશલાનુબંધી કર્મ (પુણ્ય) જ બંધાય.

### ષટ્પુરુષ અને તે ષટ્માં અર્હત્ની પૂજ્યતા-

कर्माहितमिह चामुत्र चाधमतमो नरः समारभते ।
इहफलमेव त्वधमो विमध्यमस्तूभयफलार्थम् ।।४।।
परलोकहितायैव प्रवर्तते मध्यमः क्रियासु सदा ।
मोक्षायैव तु घटते विशिष्टमतिरुत्तमः पुरुषः ।।५।।
यस्तु कृतार्थोऽप्युत्तममवाप्य धर्मं परेभ्य उपदिशति ।
नित्यं स उत्तमेभ्योऽप्युत्तम इति पूज्यतम एव ।।६।।



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Mo. 9512234311 www.jainreferencelibrary.org jaintatvagyanshala@gmail.com